ગાંધીનગર સમાચાર



# શિક્ષણ ક્ષેત્રને અભડાવતાં અનિષ્ટોને જેર કરવાં જરૂરી

શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં ઘૂસી ગયેલાં અનિષ્ટ તત્વો વારંવાર એમના કાળાં કરતૂતોથી સમસ્ત શિક્ષણ જગતને અને સમાજને શરમિંદો બનાવતાં રહે છે. આવો જ એક ઘૃણાસ્પદ સેક્સકાંડ વાઘોડિયા પાસે આવેલી પારુલ યુનિવર્સિટી ખાતે નોંધાયો છે, જેમાં ખુદ યુનિવર્સિટીના પ્રમુખ જ સંડોવાયા છે. પહેલાં તો પશ્ચિમના અનુકરણમાં આપણે ત્યાં પણ બિલાડીની ટોપની જેમ ધંધાદારી શિક્ષણ સંસ્થાઓ ફૂટી નીકળી છે, જેના સંચાલકોએ રાજકીય આકાઓની મહેરબાનીથી અથવા સામ દામ દંડ ભેદ નીતિથી યુનિવર્સિટીનો દરજ્જો મેળવી લઈ રીતસર રૂપિયાની ટંકશાળો ખડી કરી દીધી છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, નિરમા, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ કે સેપ્ટ યુનિવર્સિટી જેવી જૂજ, આંગળીના વેઢે ગણાય એટલી શિક્ષણ સંસ્થાઓ સિવાય એમને કહેવા પૂરતા સરકારી અંકુશ સિવાય એમને કોઈ પૂછનાર નથી. ગ્લોબલાઈઝેશનના અનિવાર્ય અંગ સમી કરિયરની ઉંદર દોડમાં વાલીઓ એમનાં પ્રિય બાળકોને મસમોટી ફી ખર્ચીને આવી યુનિવર્સિટીઓને હવાલે કરતાં રહે છે. પારુલ યુનિવર્સિટીમાં નર્સિંગની વિદ્યાર્થીઓનું પદ્ધતિસરનું યૌન શોષણ થતું હોવાનો ઘટસ્ફોટ ન થયો હોય તો સરકાર કે પ્રજાને એની ઊંચી ફી કે એવી બીજી બાબતો સામે નજર માંડવાની પણ ક્યાં ફુરસત હતી?

## તંત્રીસ્થાનેથી...

વિધાનસભામાં એને યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે ખાસ બિલ પસાર કરાયું હતું તે જ સૂચવે છે કે સરકાર એના સંચાલકો વિશે અને ગુણવત્તા વિશે ઊંચો અભિપ્રાય ધરાવતી હતી. હવે જ્યારે વાડ જ ચીભડાં ગળતી હોવાનો ભંડો ફૂટી ગયો છે ત્યારે સરકાર લઈ તમામ પારુલ - હિતેચ્છુઓ એકાએક એની માન્યતાં સુદ્ધાં રદ કરવાની વાતો કરી પ્રજાના રોષથી બચવા પ્રયાસ કરી રહ્યાં છે. યુનિવર્સિટીની માન્યતા રદ કરવા કરતાં એને સરકાર હસ્તક લઈ લેવી વધારે યોગ્ય લેખાશે. એથી એમાં અભ્યાસ કરતાં બાળકોનું હિત પણ જળવાશે. જેની સામે સબળ સાક્ષી પુરાવા સાથેની જઘન્ય અપરાધની ફરિયાદ નોંધાવાઈ છે તે યુનિવર્સટીનો પ્રમુખ ધોળિયા જમાતનો રીઢો રાજકારણી છે. અગાઉ કોંગ્રેસની ટિકિટ પર બે વાર વિધાનસભાની ચૂંટણી લડી ચૂકેલો તબીબી ડિગ્રી ધરાવતો પાટીદાર નબીરો સરકારે કડક રુખ અપનાવ્યા પછી ફરાર થઈ ગયો છે. બનવાજોગ કે એ વિજય માલ્યાની જેમ રાતોરાત વિદેશ ભાગી ગયો હોય. આવાં નઠારાં તત્વોને દાખલારુપ સજા કરી સમાજમાં પોઝિટિવ મેસેજ પહોંચાડી શકાય, પરંતુ આપણ ત્યાં ન્યાયતંત્રની છટકબારીઓ, રાજકારણીઓ સાથેની સાંઠગાંઠ અને પોલીસતંત્રનું લાંચિયું વલણ આવા જઘન્ય ગુનાઓ આચરનારાઓને પણ છટકવાના પૂરાં પાડતાં રહ્યાં છે. છોટા ઉદેપુર પાસેના રંગપુર આશ્રમના સંચાલક સામે આવા જ આક્ષેપો મેડિકલ રિપોર્ટમાં પુરવાર થયાં છતાં એમનો વાળ વાંકો નહોતો થયો, કારણ કે એ કોંગ્રેસના ધુરંધર આગેવાન હતા. જયેશ પટેલે સમે પારખીને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી ટાણે જ ભાજપમાં પલટી મારી દઈ વડોદરાની બેઠક લડતા વર્તમાન વડાપ્રધાનને ટેકો જાહેર કર્યો હતો. શું સરકાર ખરેખર એને એનાં કરતૂતોની સજા કરાવવા સંકલ્પબદંધ છે? સરકારે પીડિતા વિદ્યાર્થીનીનું જાહેર બહુમાન કરવું જોઈએ અને યોગક્ષેમની જવાબદારી સ્વીકારવી જોઈએ.

# સંબંધમાં ભરોસો તૂટે ત્યારે બધું જ તૂટે છે

(ગઈકાલથી આગળ...)

કહ્યાગરી અથવા પ્રેમાળ હોય એ રીતે પત્ની જવાબ આપતી કે “ડોન્ટ વરી. નો પ્રોબ્લેમ. મારા માટે તમારો પ્રેમ મહત્વનો છે. તમારા પ્રેમ ખાતર હું હવે એવી પાટીઝ કે ગેટ ટુ ગેધરમાં નહીં જ જાઉં અને એમની સાથે ચેટ્સ પણ બંધ કરી દઈશ.”

થોડા સમય પછી પતિનું ધ્યાન ગયું કે પોતાની પત્નીના ફ્રેન્ડઝ ગૃપની પાર્ટીમાં પત્ની પણ હાજર હતી અને તેમના ગૃપ ફોટોગ્રાફ્સ સોશિયલ સાઈટ્સ પર પણ મૂકવામાં આવ્યા છે.

પતિએ પૂછ્યું કે “આ શું છે ડીયર?”

**આપણા ઉપર કોઈ આંખો બંધ કરીને વિશ્વાસ મૂકે પછી એ વિશ્વાસ ટકાવી રાખવાની જવાબદારી આપણી હોય છે. કોઈ આપણા ઉપર વિશ્વાસ ના મૂકી શકે એ માટે આપણે જ ક્યાંક જવાબદાર હોઈએ, એવું પણ બને**

પત્નીએ બિન્ધાસ્ત અને ભોળી બનીને સાવ ફ્લેટ જવાબ આપ્યો કે “ઓહ, કમ-ઓન, ડીયર. ડોન્ટ બી સિલી. આ તો મારા ગૃપની એક ફ્રેન્ડ સ્ટેટ્સથી આવી હતી, એની વેલકમ પાર્ટી હતી, એટલે એમાં મારે જવું જ પડે એમ હતું. બટ, ઈટ્સ ઓ.કે. જો તને ના ગમ્યું હોય તો હવે નેક્સ્ટ ટાઈમ નહીં જઉં.”

પતિએ પત્નીને તેનું પ્રોમિસ યાદ અપાવ્યું કે “પણ, તેં તો મને પ્રોમિસ આપ્યું હતું ને કે હું આ બધું બંધ કરી દઈશ? અને આવાં પ્રોમિસ તેં મને અગાઉ પણ ચાર-ચાર વાર આપેલાં છે અને દરેક વખતે તેં પ્રોમિસ તોડેલાં છે. એના કરતા તું પ્રોમિસ જ ના આપે તો કેવું?”

પત્નીએ ફરી એક વખત કાચના વાસણ જેવું વધુ એક બ્રેકેબલ પ્રોમિસ આપ્યું કે “ઓ.કે. ડીયર. ગોડ પ્રોમિસ. હવે આવું નહીં બને.”

પત્નીના પ્રોમિસને થોડો જ સમય થયો હતો અને ફરી એક વખત પ્રોમિસ બ્રેક-અપનો કિસ્સો બન્યો. વાત જાણે એમ બની કે રવિવારની રજાના દિવસે પતિને બપોરના સુમારે કોઈક કામથી ઘરેથી નીકળવાનું બન્યું. તેની પત્ની કોઈક સંબંધની ખબર જોવા હોસ્પિટલ જવાનું કહીને ઘરેથી નીકળી હતી. પતિ જે કામથી ઘરેથી નીકળીને કોઈક કોમ્પલેક્ષ પાસે પહોંચ્યા તો જોયું કે પત્ની અહીંના આઈસક્રીમ પાર્લરમાં ફ્રેન્ડઝ સાથે આઈસક્રીમ પાર્ટી માણી રહી હતી.

પતિને જોઈને પત્નીએ કોઈ પણ શરમ કે સંકોચ રાખ્યા વિના વેલકમ કર્યું કે “આવ ને, ડીયર. મીટ માય ફ્રેન્ડઝ. આ મારા બધા સ્કૂલ-કોલેજ ગૃપના ફ્રેન્ડઝ છે. આજે બહુ વખત પછી મળવાનું અને ગેટ ટુ ગેધરનું પ્લાન કર્યું હતું. લેટ્સ બી સેલિબ્રેટ.”

એ વખતે તો પતિ કંઈ જ ના બોલ્યો. પરંતુ ઘરે પહોંચીને તેણે પત્નીને કહ્યું કે “ડીયર, આપણા લવ-મેરેજ છે. મને જે નથી ગમતું એ મેં તને કહ્યું. પરંતુ મેં તારા ઉપર કોઈ પ્રતિબંધ તો મૂક્યા જ નથી. તો પછી મારાથી ચોરી-છૂપે તારે આમ બધાને મળવું પડે અને બધા સાથે મારી જાણ બહાર સંબંધ કેમ રાખવા પડે? જસ્ટ બી ક્લેરિફાય. તારે આ બધું કરવું હોય તો મને પ્રોમિસ આપવાની જરુર શું હતી? અને આવું બધું કરવા કે પાર્ટિસિપન્ટ બનવા હું ના પણ ક્યાં પાડું છું? બસ, મને આ બધું નથી ગમતું એ હકીકત છે અને તું આવું બધું બંધ કરે એ મને વધારે ગમશે. આટલી જ વાત છે. મને કહેતા દુઃખ થાય છે કે તેં મારો ભરોસો તોડ્યો છે. મારો વિશ્વાસ તેં એક વાર નહીં પાંચ-પાંચ વાર તોડ્યો છે, એ તો મેં તને પાંચ વખત રેડ હેન્ડેડ પકડીને કહ્યું છે. આ સિવાય તેં કેટલી વાર મારો ભરોસો તોડ્યો હશે, મને ખબર નથી. તારા ઉપરથી મારો ભરોસો ઊઠી ગયો છે. મારો તારા ઉપરનો વિશ્વાસ ડગમગી ગયો છે. ગયેલો વિશ્વાસ ફરી વાર પાછો આવતો નથી.”

પત્નીએ તરત જ સુણાવી દીધું કે “એક વાત સમજી લે, ડીયર. હું કોઈ તારી ગુલામ નથી કે તારું કહેલું જ કરું. મને પણ મારી જિંદગી જીવવાનો અને એન્જોય કરવાનો પુરો હક્ક અને અધિકાર છે. મારી જિંદગી એ મારી જિંદગી છે. એમાં મને તારી કે કોઈની દખલગીરી




પસંદ નથી. હું આવી જ રહેવાની છું. તું જો મને બદલવાની કોશિષ કરવા માગતો હોય કે આશા રાખતો હોય તો બહેતર છે કે આપણે છુટા પડી જઈએ અને ડીવોર્સ લઈ લઈએ.”

આવું સાંભળીને પતિના તો પગ નીચેથી ધરતી ખસી ગઈ. પતિએ તેની પત્નીને સમજાવતાં કહ્યું કે “એનો અર્થ એ થયો કે તું મને પ્રેમ કરે છે અને આપણે પ્રેમલગ્ન કર્યા પછી પણ તું મારી સાથે ખુશ નથી, એટલે જ મને છોડી દેવાની અને ડીવોર્સની વાત કરે છે. તારી વાતનો મતલબ તો એવો જ થયો કે તું મારા વિના ચલાવી લઈ શકે છે, પરંતુ તારા ફ્રેન્ડઝ સર્કલ વિના જીવી શકે એમ નથી.”

સંબંધમાં ભરોસો અને વિશ્વાસ ખતમ થઈ ગયા પછી કહેવાની જરુર નથી કે આ લવબર્ડ કપલનું ભંગાણ થયું અને ડીવોર્સ થઈ ગયા.

**સ્ટોપર :**

“આપણા ઉપર કોઈ આંખો બંધ કરીને વિશ્વાસ મૂકે પછી એ વિશ્વાસ ટકાવી રાખવાની જવાબદારી આપણી હોય છે. કોઈ આપણા ઉપર વિશ્વાસ ના મૂકી શકે એ માટે આપણે જ ક્યાંક જવાબદાર હોઈએ, એવું પણ બને.”

(પૂર્ણ)

# અષ્ટાંગ યોગ

હમણાં જ વિશ્વ યોગ દિવસ ગયો. ખૂબ સુંદર અને આકર્ષક રીતે યોગદિવસની ઉજવણી થઈ. આમ તો આ કટારમાં દોઢેક વર્ષ પહેલા યોગ વિષયક વિસ્તૃત લેખો લખેલા. પણ આજના ઉપક્રમે યોગનાં અમુક પાયાનાં સિધ્ધાંતો વિષે પરિચય મેળવીએ. યોગનાં અનેક માર્ગો છે. દરેક માર્ગની અલગ અલગ વિધિ, અલગ અલગ યોજના છે. દરેક માર્ગ અંતે તો ઉત્કૃષ્ટ એવી સમાધિ અવસ્થા તરફ જ જાય છે. મંઝીલ સુધી પહોંચવાનાં રસ્તાઓ અલગ અલગ છે. આ અનેકવિધ રસ્તાઓમાં નો સૌથી પ્રશસ્ત માર્ગ એટલે કે અષ્ટાંગ યોગ. અષ્ટાંગ યોગ એ યોગનો મૂળભૂત માર્ગ છે એમ કહી શકાય. યોગના આ આઠ સ્ટેપ્સ વડે માણસ પરમાત્મ સ્વરૂપને પામી શકે. આપણે સંસારી જીવો છીએ, એટલે સમાધિ કે મોક્ષ આપણો ધ્યેય ન હોય એવું બને, એટલે જ કદાચ આપણે આસન-પ્રાણાયામ કે જે અષ્ટાંગ યોગનાં ત્રીજા અને ચોથા




સ્ટેપ્સ છે, તેનાથી આગળ નથી વધવા માંગતા કે નથી વધી શકતા. ઘણાં એવું પણ માને છે કે યોગના આગળનાં સોપાનો સર કરવા માટે સંન્યાસી થઈ જવું પડે. આવી બધી ભ્રમણાઓને તોડવા માટે અષ્ટાંગ યોગને યોગ્ય રીતે સમજવું પડે. અષ્ટાંગ યોગ અથવા તો રાજયોગનું વર્ણન મહર્ષિ પતંજલિએ પોતાના ગ્રંથ ‘યોગસૂત્ર’ માં કરેલું છે. લગભગ ઈસવીસન પૂર્વે ૨૦૦ માં લખાયેલ ‘યોગસૂત્ર’ માં યોગનું સંક્ષીપ્ત સૂત્રો સ્વરૂપે ખૂબ ગહન અધ્યયન જોવા મળે છે. મહર્ષિ પતંજલિએ યોગનાં આઠ અંગો જણાવ્યા છે. એ છે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને આઠમું અંગ એટલે સમાધિ.

પતંજલિનું યોગસૂત્ર ચાર પાદ, એટલેકે વિભાગોમાં વહેંચાયેલું છે.

પ્રથમ પાદઃ સમાધિપાદ. આમા ચિત્તની વૃત્તિઓને કાબૂમાં કરીને સમાધિ વડે આત્મસાક્ષાત્કાર કરવાનું વિધાન છે. (યોગની ખૂબ અગત્યની પરિભાષા “યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ” પણ અહિંથી પ્રાપ્ત થાય છે) દ્વિતીય પાદ : સાધનપાદ. આમા યોગનાં પાંચ બહિરંગ સાધનોનો ઉલ્લેખ છે. અષ્ટાંગ યોગનાં આઠ અંગો પૈકિ પહેલા પાંચ અંગોને બહિરંગ અંગો કહે છે. સાધનપાદમાં આ પાંચ અંગો, એટલે કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, અને પ્રત્યાહારનું વર્ણન છે.તૃતીય પાદઃ વિભૂતિપાદ. આમા યોગનાં ત્રણ અંતરંગ અંગોનો ઉલ્લેખ અને વિવેચન છે. ધ્યાન, ધારણા અને સમાધિને યોગનાં અંતરંગ અંગો કહે છે. આ પાદમાં યોગાભ્યાસ વડે પ્રાપ્ત થતી અનેક સિદ્ધીઓનો પણ ઉલ્લેખ છે. આ સિદ્ધિઓને મહર્ષિ પતંજલિએ સમાધિમાર્ગની બાધા સ્વરૂપે ગણી છે. અને આ સિધ્ધીઓની મોહજાળમાં ન ફસાવા માટે સાધકોને ચેતવ્યા છે.

ચતુર્થ પાદ : કૈવલ્ય પાદ. અહિં મહર્ષિએ સમાધિની પરમોચ્ચ અવસ્થાની વાત કરી છે. આ એવી અવસ્થા છે કે જ્યાં સાધક પોતાના મૂળ સ્વરૂપ, પરમતત્વ સાથે એકાકાર થઈ જાય છે. જીવનનું ધ્યેય તેને સિધ્ધ થઈ જાય છે. આ અવર્ણનીય અલૌકીક આનંદની અવસ્થા છે જે અનુભવથી જ સમજાય છે.

યોગસૂત્રનું અધ્યયન કરતા ખ્યાલ આવે કે યોગ કેટલું ઉચ્ચ કોટિનું શાસ્ત્ર છે. અણીમા, લઘીમા, મહિમા, આદિ સિધ્ધીઓ કે જેના વડે વ્યક્તિ પુષ્કળ ધન, ઐશ્વર્ય અને પ્રશસ્તિ મેળવી શકે, તે સિદ્ધિઓને પતંજલિએ બાધા સ્વરૂપ ગણેલ છે. અમદાવાદથી મુંબઈ જવું હોય તો વચ્ચે નડિયાદ, વડોદરા,સુરત આદિ સ્ટેશનો આવે તેમ આ બધી સિદ્ધિઓ ગંતવ્ય સ્થાનની




વચ્ચે આવતા સ્ટેશનો જેવી છે. આ વર્ણન પરથી સમાધિનું મહત્વ સમજાય છે. આપણે એવા ઘણા સંતોના ઉદાહરણો જોયા છે જેઓ દિવસો સુધી કંઈ ખાધા-પીધા વિના તપમાં રત હોય છે, સમાધિ મગ્ન હોય છે. આવી અતિન્દ્રીય શક્તિઓ યોગ સાધનાની બાય પ્રોડક્ટ છે.

અષ્ટાંગ યોગ એ નિયમપૂર્વકનું યોગશાસ્ત્ર છે. એ શોર્ટકટ નથી. ધીરજ માંગી લે એવું કામ છે. જો દઢ નિશ્ચય હોય તો કોઇ પણ વ્યક્તિ અષ્ટાંગ યોગના માર્ગ પર ચાલી શકે. અગાઉ કહ્યું તેમ, દરેક વ્યક્તિનું ધ્યેય સમાધિ નથી હોતું. આસન-પ્રાણાયામ વડે સ્વાસ્થ્ય વૃદ્ધિ અને રોગોપચાર પણ અષ્ટાંગ યોગનું એક ધ્યેય હોઇ શકે. કોઈ પણ ધ્યેયને સાધવા માટે લાયકાત કેળવવી પડે. અષ્ટાંગ યોગમાં એ લાયકાત કેળવવાની શરૂઆત પ્રથમ બે અંગો, યમ અને નિયમથી થાય છે. એ વિષે વધુ... આવતા અંકે...

- contact@atharvaayu.com

તા. ૨૧મી જૂન ૨૦૧૬ના રોજ પણ જશી સવારના બરાબર સાડા પાંચ વાગ્યે ઊઠી ગઈ હતી.

તમને થશે, આ ભાઈ મનના ઉમંગોની કશી વાત કરવાને બદલે જશીની પારાયણ લઈને ક્યાંથી બેઠા? વળી આપણે તો જાણતાય નથી કે કઈ જશી અને કોણ જશી? અરે ભાી, થોડીક તો ધીરજ ધરો. હું બધી વાત માંડીને કતરવાનો છું. બધી એટલે છેક જશીના જનમથી તે મરણ લગીની એમ બદ્ધી નહીં, પરંતુ ફક્ત એકવીસમી જૂનની સવારના નવ-સાડા નવ વાગ્યા સુધીની જશીની દિનચર્યાની એટલી જ. આ પેલું તમારા ઘરની સામે સરકારી જમીન પર બાંધેલું ઝૂપડું જોયું કે નહીં? એમાં પેલો જાડી મૂછવાળો ભરવાડ કે દેસાઈ કે રબારી રહેતો નથી, એના મોટા છોકરાની વહુ! નાના બે તો ગામડે ખેતી સંભાળે છે ને? એમનાથી નાનો તો હજુ નાનો છે. સગાઈ શું લગ્ન ય એના થઈ ગયા છે પણ વહુને હજુ આણું કરવાનું બાકી છે. પેલી બે નાની ગામડાવાળી વહુઓને ખબર નહીં કેમ આ શહેર માફક નથી આવતું. લોકો કહે છે એમને ધોવાનું ને એંઠા વાસણ માંજવાનું નથી ગમતું એટલે કે કામ કરતા જોર આવે છે. તો પછી ગામડા ગામમાં વળી શી સાહેબી માણી લેવાની હશે? હા, સાસુના મીઠા-મધુરા વેણ સાંભળવા ના મળે એટલું સુખ વળી ખરું.




હા, તો આપણે જશીની વાત કરતા હતા ને? આ પેલા સરકારી લીમડા નીચે ધોળી મૂછોવાળા હરિભાઈ નથી રહેતા, એમના મોટા છોકરાની નાનકડી વહુ. જશી ઊંચાઈમાં જરાક સાધારણ છોકરીઓ કરતાં નીછી લાગે એટલે નાનકડી વહુ કીધું. બાકી ઉંમરમાં એ વીસપચીસ વરસની ખરી હો! દેખાવે રૂપ રૂપનો અંબાર નહીં, પણ કો દિ’ સામેથી હસીને ઝીણા અવાજે વાત કરે તો આપણને ય કાન સરવા કરીને સાંભળવી ગમે એટલી નમણી તો ખરી હો! કોઈ સારાં ઘરમાં જનમી હોત (સારાં એટલે પૈસાવાળાં) અથવા પરણી હોત તો એનું નામ જશુમતી અથવા જસવંતી અથવા જશોદા એવું કશુંક કહીને લોકો બોલાવતા હોત. હાય રે નસીબ! ઘણા તો જશી યે નહીં કહેતા! ‘એ ય જસલી! કેમ આજે કામ પર નથી આવી?’ એવું બોલતાં હોત તો ઠીક, પણ ‘આ જસલી કામચોર કયાં ગઈ?’ એવું એની સાસુને જ પૂછે છે! લ્યો, થઈને વાત!

હા, તો એ જશી સવારે સૂરજ ઉગે તે પહેલાં એટલે કે સાડા પાંચ વાગ્યે જાગી ગઈ હતી. આમ તો એની છોકરીઓ પાંચ વાગ્યાની. ખબર નહીં, તરસ લાગી હોય, ભૂખ લાગી હોય, એકી લાગી હોય, સંડાસ જવું હોય, માખો કરડી હોય કે કૂતરાં બરાબરના ભસ્યા હોય ગમે તે કારણ હોય પણ સૌથી પહેલું ‘ઉં... ઉં... ઉં...’ ચાલુ કરી દે છે. જે સાંભળતાં જ જશી જાણે જાગતી પડી હોય એમ સફાળી બેઠી થઈ જાય છે. એક છોકરીને ઉઠાવી સાસુના ખાટલામાં સુવરાવી આવે છે, બીજી સસરાને પધરાવે છે. દાદી-દાદી છોકરાઓને થાબડીને ઘડીક ઉંઘાડે એટલી વારમાં ઝૂંપડાની ચારેબાજુની જગ્યાએથી કચરો વાળી કાઢે છે. ઝાડૂ હેઠે મૂકી, દાતણ મોંમાં ખોસે છે. ચાવતી ચાવતી, બોટલ પાણી ભરી જંગલ જઈ આવે છે. ડબલાં ગયાને બોટલ આવી એ વહુ સારું થયું. નહીંતર, એ ડબલું કાણું હોય તો જતાં જતાં જ અડધું પાણી નીકળી જતું. સવાર, સવારમાં નહાવાનું તો કયાંથી હોય, પણ પાણી ભરવું પડે. કેટલું પાણી ભરતી હશે જશી? બે-પાંચ બેડાં? દસ-પંદર ડોલ? વીસ-પચ્ચીસ તગારાં? પરંતુ લગભગ આઠ-સાડા

# ચીસ કોઈ સંભળાઈ...

આઠ સુધી એટલે કે પાણી પૂરા જોશીત આવતું હોય એવા સમયે તમને જશી પાણી ભરતી જોવા મળે, મને ન મળે! પાણી ભરાઈ ગયા કેડે જશી સાડલાથી હાથ-મોં લૂંછતી લૂંછતી સામેનો લાઈનમાં છેલ્લાં ઘરમાં રહેતા ત્રિભુવનકાકાના ઘર છેલ્લા ઘરવાળાનું શું કામ કરવું જોઈએ? અરે ભાઈ, ત્રિભુવનકાકા જ તો અહીંના રહેવાસીઓમાં સૌથી પહેલા ઊઠે છે. પછી જાગે છે આ બાજુવાળા રામુકાકા, પેલી બાજુવાલા સોનીકાકા, પછી આ બાજુ, પછી પેલી બાજુ, પછી સામેવાળા, એ પછી વળી પાછળવાળા, આમ જસીને આંટાફેરા કરીને કામ પતાવતાં, પતાવતાં સાડા દસ થઈ જાય! આમ ઘણા ભલે જસીને કામચોર કહેતા હોય પમ જશી કોઈકનું બારણું ખટખટાવે અને તુરત જ દ્વાર ઊઘડી જાય તો ગમે તેવા ઘરનું કચરા-પોતું જશી દશ-પંદર મિનિટમાં આરોપી લે. કયાંક અચાનક વાસણ ઘસવાના આવી જાય તો દસ મિનિટ વધી જાય એટલું માફ! બાકી વાસણ ઘસવાનો ઈજારો એની સાસુએ પોતાના હસ્તક રાખ્યો છે એટલે કયાંક વધી-ઘટી ચા પણ જશીને પીવા ના મળે!

આમ જશી તે દિવસે પણ વહેલી ઊઠી, અડધા ભાગના ઘરનું કામ પતાવી, જયાં ભોગીકાકાના ઘરમાં પ્રવેશવા જાય છે ત્યાં જ રસ્તા પર... હો... હા... હાસ્ય... કિલકારીઓ કરતું છોકરાઓનું ટોળું આવી ચડ્યું. એમાં ભોગીકાકાના બે છોકરા અને ત્રણ પૌત્ર પણ સામેલ હતા. આધેડ દીકરાઓએ ‘હાશ’ કરતાંકને સોફામાં પડતું મૂક્યું. ત્રણે જુવાનિયા પાણી પીવા રસોડામાં બેઠા. પાણી પીતા પીતાં નાનકો બોલ્યો, ‘દાદા, અમે ઉપર સુવા જઈએ છીએ. જમવાનું થાય નહીં ત્યાં સુધી કોઈ જગાડતા નહીં.’ જશી આ બધી ધમાચકડી જોઈ મૂંઝવાઈ ગઈ, ધીમા સાદે પૂછ્યું, ‘તેં હે, મયંકભાઈ, આમ સવાર સવારમાં કયાં જઈ આવ્યાં?’ મયંકભાઈ હસી પડ્યા, ‘અરે, ગાંડી, તમે કંઈ ખબર નથી આજે વિશ્વયોગદિન છે? કાંઈ નહીં, તું તારે શાંતિથી કચરો કાઢ’ એટલું કહેતાંમાં એ લાંબા થઈ ગયા. જશી કચરો કાઢી રહે તે પહેલાં તો નસકોરાં બોલવા માંડ્યાં!

તા. ૨૧-૬-૧૯૪૩ના રોજ ‘મુસાફિર પાલનપુરી’નો જન્મ થયો હતો. એમનું આખું નામ અમીર મહંમદ દીનમહંમદ સિંધી હતું. તેમના પુસ્તક ‘ચિત્કાર’માંથી એક ગઝલ રજૂ કરું છું. ગઝલ વિશે હું એક પણ શબ્દ બોલવાનો નથી. બોલી શકું એમ પણ નથી.

**ચીસ કોઈ સંભળાઈ**

**ડૂસકાંની ઊંડી ખાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**છે બહુ મોટી ભવાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**મુક્ત થાશું! મોજ કરશું! એ જ આશામાં જુઓ**
**કેટલી કબરો ચણાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**દોસ્તો! પાગલની પેઠે રાતદિન શોધ્યા કરો -**
**ગુમ થઈ છે માણસાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**શ્વાસ લેવા દોહ્યલા, પણ ‘સબ સલામત’ની છડી છે**
**ગજબની ઠાવકાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**એ જ છે ડુબાડનાર! એ જ તારણહાર પણ -**
**જેણે બાંધી છે સગાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**એને પણ આલાપ માનીને ધુરંધર ખુશ થયા!**
**ચીસ કોઈ સંભળાઈ ગાંધીથી દિલ્લી સુધી!**
**હું ય જાણું છું ‘મુસાફિર’ સ્વર્ગ ત્યાં વહેંચાય છે,**
**પ્હોંચ કયાં છે મારી ભાઈ! ગાંધીથી દિલ્લી સુધી!**

- ‘મુસાફિર’ પાલનપુરી

# જીવનની કોઈએ મને ટૂંકી વ્યાખ્યા પૂછી કે, જીવન શું છે? મેં કહ્યું, ‘બસ બધાને ખુશ રાખી પોતે જીવી જાય એ જીવન’

નિસરણી સમજીને ચઢતા રહ્યા આ જિંદગીને
થાકી ગયા ને આડી કરી તો નનામી થઈ ગઈ !

એક મિત્રનો મેસેજ આવ્યો, “ફક્ત એક જ ‘ભવ’ ને કેટલા બધા ‘અનુભવ’.” તો બીજાએ શુભ સવારની પોસ્ટ કરી લખ્યું ;

“તું નીચે પડી તો જો...
કોઈ નહિ આવે
તને ઉપાડવા...
જરા તું ઊડી તો જો...
બધા આવશે
તને પછાડવા...

પ્રત્યેક નજર જિંદગીને આગવી રીતે ભાળે છે. જિંદગી અનુભવોની પાઠશાળા છે તેથી જ કવિઓ લખે છે,

“થયો જે તને સાગરોની વચાળે,
મને એ અનુભવ કિનારે થયો છે.” - **રાજ લખતરવી**
“પ્રથમ જિંદગીના અનુભવ લખીશું
અસલ વારતા આવતે ભવ લખીશું” - **લક્ષ્ય ઠક્કર**
“સંસારમાં જો હોય છે લાંબા અનુભવો
તો ઘરની બહાર આવતા થાકી જવાય છે” - **સૈફ પાલનપુરી**
“વિશ્વાસમાં કોઈના એવા થયા અનુભવ
ફૂલો બની ગયા છે, કાંટા નજરની સામે ” - **મુકબિલ કુરેશી**

અરે કૈલાશ પંડિત તો લખે છે;

“સાચા થવામાં એક અનુભવ મળ્યો મને
સાચા થવાનો અર્થ અહી ગાંડપણ હશે”

મિત્રો, સારા - માઠા અનુભવો તો એક પ્રકારની ઘડતર પ્રક્રિયા જ છે. રસ્તા પરના ખાડા ટેકરા આપણને સભાનતાથી ચાલવાની ફરજ પાડે છે. એવું જ કઈ જિંદગીના અનુભવોના બારામાં કહી શકાય.... કોઈકે તો કહ્યું છે કે “જોખમ” અને “જખમ” આ બંનેનો સરવાળો એટલે જિંદગી...

પ્રભુ પિતાએ મનુષ્યાકારને મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકારની વિશેષ ભેટ બક્ષી વિકસવાની મોકળાશ કરી આપી છે..... કેવું અને કઈ રીતે જીવવું એ તો વ્યક્તિની પોતીકી મનસુફીની વાત છે...

આપણા જાણીતા કાયદાવિદ સ્વ.નાની પાલખીવાલાનું વસિયતનામું વાંચવામાં આવ્યું જે શ્રેષ્ઠતમ પ્રાર્થનાની સમીપ બેસે તેવું અર્થસભર અને માનવીય મૂલ્યોથી ધબકતું આ વસિયતનામું વાંચવું રહ્યું!

મારા મૃત્યુ વખતે
જેને કદી સૂર્યોદય જોવા મળ્યો નથી
તેવા માણસને મારાં ચક્ષુ આપજો.
હૃદયનું દર્દ ભોગવનારને મારું હૃદય આપજો.
કાર-અકસ્માતનો ભોગ બનેલા જુવાનને મારા રક્તનું દાન કરજો.
જેથી એ તેનાં પોતરાંને રમતાં જોવા પામે.
મારા મૂત્રપિંડ બીજાના દેહમાંથી ઝેર ચૂસવાના કામમાં લેજો
કોઈ અપંગ બાળકને ચાલતું કરવા
મારા અસ્થિનો ઉપયોગ થાય તેમ કરજો
પછી જે વધે તેને અગ્નિદાહ દેજો
તેમાંથી ફૂલ ઊગેતે માટે તેની ભસ્મ ચારેકોર પવનમાં વેરી દેજો.

તમારે કશુંક દફનાવવું જ હોય તો મારા દુર્ગુણોને અને માનવબંધુ વિશેના મારા પૂર્વગ્રહોને દફનાવી દેજો . મારા પાપ શેતાનને આપજો. મારો આત્મા પરમાત્માને અર્પણ કરજો. તમારે મને યાદ કરવો હોય તો કોઈક જરૂરિયાતમંદ વ્યક્તિ માટે સત્કાર્ય કે સદ્વચન પ્રયોજીને મને યાદ કરજો.

આ જે મેં કહ્યું તેટલું કરશો તો હું સદાય જીવતો રહીશ.

કેવી ઉમદા ને ઉચ્ચતમ ભાવના!!

આપણા હૈયામાં પણ આવો ભાવ - ઉછાળ આવી જાય તો ભવ સુધરી જાય. ગીતાકારે તો કહ્યું છે ‘જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખદોષાનુદર્શનમ’ આ બધાનું અનુદર્શન કરવાની ટેવ પાડીએ તો જીવનનો મર્મ સમજાય ને જીવન જીવવા જેવું લાગે. આમ તો મોટેભાગે માણસ ભારેખમ થતો જાય છે ને વળી દિવસે દિવસે સહજતા પણ ગુમાવે છે. આ બધામાંથી મુક્તિનો માર્ગ એક જ છે. સદચિંતન કરતા રહીએ. સદવિચાર આચારમાં પરિણમે એમાં જ જીવનનું સાર્થક્ય છે.

મોટેભાગે માણસોને જીવનની ચર્ચામાં જેટલો રસ હોય છે એટલો જીવન જીવવામાં દેખાતો નથી. જીવવું એટલે માત્ર સ્થૂળ દૃષ્ટિએ નહિ પરંતુ આપણા અસ્તિત્વથી આસપાસ સઘળું ભર્યું ભર્યું લાગે... ઘણા નિસાસા નાંખતા બેઠા હોય તો ઘણા જાણે ભાર વેંઢારતા હોય એમ જીવનને ઢસરડો બનાવી દે... આવું શુષ્ક જીવન શા કામનું?!

દોસ્તો, જરા અંતર્મુખ થઈ વિચારીએ તો જીવવું એટલે ચાહવું, નિરપેક્ષ -નિરાકાંક્ષ પ્રેમ કરવો... આવું ક્યારેય વિચાર્યું છે ખરું?! પારાવાર અપેક્ષાઓ રાખીને જીવવાનો ડોળ કરનારા આપણે બધા સો ટકા સુખી હોવા છતાં એકસો




એક ટકા દુખી જ છીએ!! પેઢી દર પેઢી ઘરેડબદ્ધ જીવાતી જિંદગીમાં ક્યાંય આગવી કેડી કંડારી શક્યા ખરા?? ખીલેલા પુષ્પની સોડમ વાતાવરણને મઘમઘતું સવાયું બનાવે એમ કદી આપણે ખીલ્યા છીએ ખરા? પ્રકૃતિ તો આપણને ‘ખીલતા ને ખૂલતા’ શીખવે છે. આ ક્યારેય ધારીને જોયું છે ખરું? બહારની ટાપટીપમાં આપણે એવા અટવાયા છીએ કે અંદરનું અંધારું ક્યાંય કદી ડંખતું નથી. આપણી નારી સ્વાર્થાંધતા - અજ્ઞાનતા ને કારણે ભીતરી ખજાનો ભાળી શકતા નથી ને આખરે અકિંચન ઉકલી જઈએ છીએ!! અને કદાચ સમજાય ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે.

આપણે તો ‘અમૃતસ્ય પુત્રા’ કહેવાયા છીએ. ભગવાને ભીતરમાં અજવાળું ભરીને મોકલ્યા છે. પરંતુ આપણે કદી પ્રકાશી શક્યા ખરા?! થોડુંઘણુય અજવાળું રેલાવી શક્યા ખરા?! જરા જાતને સ્વગત પૂછી તો જુઓ. જન્મતાવેંત કશુંક પકડી મોમાં મૂકવાના સંસ્કાર તો ચોર્યાસી લાખ જન્મારથી રૂઢ થયા છે. પરંતુ ‘હાથ લાંબો કરવો એમાં જ માણસાઈની ખરી ઓળખ છે. પોતે જીવીએ ને બીજાને જીવાડીએ, પોતે ખીલીએ અને બીજાને ખીલવીએ એમાં જ પ્રભુ રાજી થાય! ટૂંકમાં ‘ઘસાઈ ને ઉજળા થઈએ’ આ તત્વચિંતન જીવનનો મુદ્રાલેખ બને તો જીવન વહાલુછમ લાગે - ને - મૃત્યુ મીઠું ને મંગલમય બને...!!!

**સ્પર્શમણિ :**

સત્ય કહે છે, વિશ્વંભરની સત્તાનો સ્વીકાર કરો.
શિવ કહે છે, વિશ્વ સકલની સેવાનો યજ્ઞ આદરો.
સુંદર કહે છે, વ્યક્તિ માત્રના ચહેરા પર સ્મિત પ્રગટાવો.

**- હરિભાઈ કોઠારી**

★★★

જીવનની કોઈએ મને ટૂંકી વ્યાખ્યા પૂછી કે, જીવન શું છે?
મેં કહ્યું, “બસ બધાને ખુશ રાખી પોતે જીવી જાય એ જીવન”

Rasikvaland1965@gmail.com